**ફોજદારી કેસ નં.920/2025**

====================================================================

**મહે. કલ્યાણપુરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. કલ્યાણપુર.**

====================================================================

**<u>-: આંક-૦૧ લગત હુકમ :-</u>**

**ગુનો : જુગાર ધારા એકટની કલમ ૧૨ મુજબ**

(૧) આરોપીઓ સામે જુગાર ધારાની કલમ-૧૨ મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ થયેલ છે.

(૨) આજરોજ આરોપીઓને સમન્સની બજવણી થતા તેઓ કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે. તેઓના વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામા આવેલ છે. તેઓ સ્વેચ્છાએ આ ગુનો કબુલ કરવા માંગે છે તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતા આરોપી નં.૧ થી ૨ ને આંક-૦૩ તથા ૦૪ તેમજ આરોપી નં. ૪ થી ૬ ને આંક ૦૫ થી ૦૭ પ્લી રેકર્ડ કરવામા આવેલ છે જેમા આરોપીઓએ સ્વેચ્છા પુર્વક ગુનાની કબુલાત કરેલી છે, પોતાનો પ્રથમ ગુનો હોય અને ભવિષ્યમા ગુનો કરશે નહી તેવી ખાતરી અને રહેમ કરવા રજુઆત કરેલી છે.

(૩) આરોપીઓની સ્વેચ્છા પુર્વક કબુલાત, પોલીસ પેપર્સ આરોપીઓની આર્થીક અને સામાજીક સ્થિતી અને દયાની માંગણી કરતા હોય આરોપીઓને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી સુધારવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતુ હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>-: હુકમ :-</u>**

(૧) આથી સદરહું કામના આરોપીઓ નં. ૧,૨,૪,૫,૬ ને જુગારધારાની કલમ-૧૨ હેઠળ શિક્ષાને પાત્ર ગુના સબબ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી,આરોપી નં. ૧,૨,૪,૫,૬ ને કુલ મળી રૂા.૫૦૦/-(અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.જો આરોપી દંડ ના ભરે તો કસૂર બદલ તે આરોપીને દિન-૪ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આરોપી નં. ૩ પુરતો કેશ ચાલુ રાખવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૨ માહે- જુલાઈ, સને-૨૦૨૫ ના રોજ નેશનલ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુકામ :- કલ્યાણપુર.
તારીખ:- ૧૨/૦૭/૨૦૨૫

(Alpa Prabhudas Kadiwar)
GJ01554
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
તા. કલ્યાણપુર જી. દેવભુમિદ્વારકા.